# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરત

**હિસાબી અધિકારી/વાણિજ્યિકવેરા અધિકારી, વર્ગ-૨ ની જગ્યાઓ માટેની પ્રાથમિક કસોટી**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **હિસાબી અધિકારી/વાણિજ્યિકવેરા અધિકારી, વર્ગ-૨** ની જગ્યાઓ પર ભરતી કરવા માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ જા.ક્ર.:૩૭/૨૦૧૬-૧૭ માટેની પ્રાથમિક કસોટી તા. ૨૨/૦૧/૨૦૧૭ (રવિવાર) ના રોજ સવારે ૧૧-૦૦ થી ૦૧-૦૦ તથા બપોરે ૦૨:૩૦ થી ૦૪:૩૦ કલાક દરમ્યાન યોજાનાર છે.

જેઓના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને ભરવાપાત્ર નિયત ફી ભરેલી હોય તેવા તમામ ઉમેદવારોને આ પરીક્ષામાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉમેદવારોએ તા ૦૪/૦૧/૨૦૧૭ ના રોજ બપોરે ૦૧-૦૦ કલાક થી તા.૨૨/૦૧/૨૦૧૭ (પરીક્ષાના દિવસે) ના રોજ સવારે ૦૯-૦૦ કલાક સુધીમાં પોતાના પ્રવેશપત્ર તથા ઉમેદવારો માટેની સૂચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) "online" http://gpsc-ojas.guj.gov.in પરથી ડાઉનલોડ કરવાના રહે છે. જે ઉમેદવારો પોતાનો પ્રવેશપત્ર સમયમર્યાદામાં ડાઉનલોડ નહી કરી લે તેમને પ્રવેશ મળશે નહી.

પ્રવેશપત્ર વગેરે "online" ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર કાર્યવાહી કરવાની રહેશે. (૧) http://gpsc-ojas.guj.gov.in વેબસાઇટ પર જવું. (૨) "print call letter" પર "click" કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની "job select" કરવી તથા "conformation number" અને "birthdate" ટાઇપ કરવાના રહેશે. (૪) હવે "print call letter" પર "click" કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. પ્રવેશપત્રમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને ૨ પર "click" કરવાથી ઉમેદવારની સૂચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) ની પ્રિન્ટ કાઢવાની રહેશે.

આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચૂક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પરીક્ષા સમયે પ્રવેશપત્ર સાથે લાવવાનું રહેશે. તેના સિવાય પ્રવેશ મળશે નહી. જે ઉમેદવારોના ફોટા પ્રવેશપત્રમાં સ્પષ્ટ જોઇ શકાય તેવા આવેલા ન હોય તો તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઇઝનો તાજેતરનો ફોટો એટેન્ડન્સ શીટમાં ચોંટાડીને ઉપર પોતાની સહી કરવાની રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે. પ્રવેશપત્રમાં ક્યું પરીક્ષાકેન્દ્ર આપને ફાળવવામાં આવ્યું છે તે જોઇ લેવા ઉમેદવારોને ખાસ જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ: (૧) બિન અનામત કક્ષા (જનરલ કેટેગરી) ના જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે પરંતુ અરજી ફી ભરેલ નથી તેવા ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહી. આવા ઉમેદવારોએ આયોગની કચેરી (સરનામું: સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦) ખાતે તા.૨૧/૦૧/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમ્યાન પ્રોસેસ ચાર્જ તરીકે રૂ.૫૦૦/- હિસાબી શાખામાં રોકડેથી ભરવાના રહેશે, ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે. જેની સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.(૨) બિન અનામત કક્ષા (જનરલ કેટેગરી) ના જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમયમર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઈટ પર 'not found' જણાતો હોય તેવા ઉમેદવારોએ આયોગની કચેરી (સરનામું: સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦) ખાતે તા.૨૧/૦૧/૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમ્યાન અરજીકર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.**

તા.૦૪/૦૧/૨૦૧૭